# ગુજરાત ઊર્જા સયુંક્ત સંકલન સમિતિ


**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ**
**રજી.નં.: જી ૧૨૪**

**જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન**
**રજી.નં.: જી ૬૫૩**

GUJARAT ELECTRICITY BOARD GEBEA ENGINEERS' ASSOCIATION

| ગોરધનભાઈ ઝડફિયા | બિપિન એમ.શાહ | બળદેવ એસ.પટેલ | હરેશ જી.વઘાસીયા |
|---|---|---|---|
| અધ્યક્ષ | કાર્યકારી અધ્યક્ષ | સીની.સેક્રેટરી જનરલ–એજીવીકેએસ | સેક્રેટરી જનરલ–જીબીઆ |

૧૬–૧૭, ૧લો માળ, શાશ્વત પ્લાઝા, ૬૬ કે.વી.સબ–સ્ટેશન સામે, ઊંઝા–પાટણ રોડ, ઊંઝા–૩૮૪ ૧૭૦
E –Mail: agvksunjha@gmail.com મો.નં.: ૯૯૨૫૨ ૪૬૦૦૧ અને ૯૯૨૫૨ ૧૦૦૨૬


| ક્રમાંક: એજીવીકેએસ ઙ જીબીઆ/૨૦૨૫/૧૦ | તારીખ: ૧૫.૦૩.૨૦૨૫ |
|---|---|

**ખાસ અગત્યનું અને ટોચ અગ્રિમતા**

**પ્રતિ,**
**મેનેજીંગ ડિરેક્ટરશ્રી,**
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ,
હેડ ઓફિસ,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેષ-કોર્સ, **વડોદરા–૩૯૦ ૦૦૭.**

**વિષય:-** **જીયુવીએનએલ અને તેને સંલગ્ન તાબાની સબ–સીડરી કંપનીઓમાં ફરજ બજાવતા ટેકનિકલ અને નોન–ટેકનિકલ સ્ટાફ અન્વ્યે આગામી સમયમાં કાળઝાળ ગરમી પડનાર હોય તાત્કાલિક અસરથી ગ્રાહક સુરક્ષા કેન્દ્ર અને સબ–ડિવિઝન/ડિવિઝન/સર્કલ/ઝોનલ ઓફિસો ખાતે એ.સી.ની સુવિધાઓ પૂરી પાડવા સુચના આપવા બાબત.**

સંદર્ભ:- (૧) પત્ર નં.: ૧૧ તા.: ૧૧.૦૪.૨૦૧૭.
(૨) જીયુવીએનએલ પરિપત્ર નં.: જીયુવીએનએલ/એચઆર/૧૭૮૯ તા.: ૧૩.૦૮.૨૦૧૮.
(૩) પત્ર નં.: એજીવીકેએસ ઙ જીબીયા/૨૦૨૨/૨૧ તા.: ૧૩.૦૨.૨૦૨૨.
(૪) સંકલન સમિતિનો પત્ર નં.: એજીવીકેએસ ઙ જીબીયા/૨૦૨૪/૦૭ તા.: ૨૨.૦૨.૨૦૨૪.
(૫) સંકલન સમિતિનો પત્ર નં.: એજીવીકેએસ ઙ જીબીયા/૨૦૨૪/૨૦ તા.: ૨૪.૦૫.૨૦૨૪.

માન.સાહેબશ્રી,

સંકલન સમિતિ દ્વારા વારંવાર સંદર્ભ પત્રોથી કંપની, ગ્રાહક અને કર્મચારી/અધિકારીશ્રી તમામ હિતોને નજરસમક્ષ રાખી સદર વિષયે રજૂઆતો કરવા ચાહતા સંકલન સમિતિની રજૂઆતને ધ્યાને લઈ કોઈ જ કાર્યવાહી ન કરી ફિલ્ડની કચેરીઓમાં અમલ કરવા સૂચનાઓ આપેલ નથી જે યોગ્ય ન હોય સંકલન સમિતિ દ્વારા ફરીથી ન્યાયની અપેક્ષાએ ફરીથી આપ સાહેબશ્રી સમક્ષ નીચે મુજબ રજૂઆત કરવાની ફરજ પડેલ છે:

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપ સાહેબશ્રીને જણાવવાનું કે અત્યારથી જ રાજ્યમાં ગરમીનું તાપમાન ખૂબ જ વધી રહ્યું છે ત્યારે આગામી સમયમાં સમગ્ર રાજ્યના તમામ વિસ્તારોમાં ખૂબ જ આકરી કાળઝાળ અને ૪૫ થી ૪૭ ડિગ્રી ગરમીના લીધે અલગ-અલગ જિલ્લાઓમાં યલો અને રેડ એલર્ટ આપવામાં આવનાર છે જેના ન્યૂઝ સમાચાર પત્રકો અને ટીવીના માધ્યમથી જાણવા મળેલ છે ત્યારે ઊર્જા કંપનીઓનો ટેકનિકલ સ્ટાફ થાંભલા પર અને મીટર રીડર ફિલ્ડમાં પોતાની ફરજ બજાવી રહ્યો છે સાથે સાથે ઓફિસ સ્ટાફ પોતાની ફરજ અસહ્ય ગરમીમાં ઓફિસોમાં બજાવી રહ્યા છે તેમજ રાજ્યમાં દિવસે-દિવસે ગરમી પ્રમાણ ખૂબ જ અસહ્ય થનાર છે અને ગ્લોબલ વોર્મિંગના કારણે વાતાવરણનું તાપમાન પણ સતત વધતું જાય છે ત્યારે ઉનાળાની સિઝનની ગરમી સામે રક્ષણ મેળવવા અને કર્મચારીઓ/અધિકારીશ્રીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા હાલના સંજોગોમાં જીયુવીએનએલ અને તેને સંલગ્ન તાબાની છ સબ–સીડરી કંપનીઓ ની ફિલ્ડની કચેરીઓમાં એર કન્ડીશનર/એર કુલિંગ મશીનની વ્યવસ્થા કરવી ખાસ જરૂરીયાત છે જે પરત્વે સંકલન સમિતિ દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવેલ છે છતાં મેનેજમેંટ દ્વારા આજ દિન સુધી કોઈ જ કાર્યવાહી કરેલ નથી જેનાથી કર્મચારીઓ/અધિકારીશ્રીઓમાં અસંતોષ અને રોષની લાગણીઓ ફેલાયેલ હોય તેમજ હાલમાં અન્ય કોર્પોરેટ કલ્ચરની ઓફિસો ખાતે સામાન્ય સ્ટાફમાં પણ એ.સી.ની

**(ક્રમશ:.....**

સુવિધાઓ આપવામાં આવે છે તેમજ એ.સી.ને આજના આધુનિક સમયમાં વૈભવી (લક્ઝુરિયસ) સુવિધાઓમાં ગણવામાં આવતી નથી સાથે સાથે એ.સી.ની સુવિધાઓ પૂરી પાડવાથી ગ્રાહકોની પણ મુશ્કેલીઓ ઘટાડો કરી શકાય તેમજ કંપનીની ઓફિસો ખાતેના ઇલેક્ટ્રોનિક્સ સાધનો તથા તેના સર્વરને ઉનાળાની ગરમીને લીધે થનાર નુકશાનથી પણ બચાવી શકાય છે.

હાલમાં સમગ્ર ઊર્જા કંપનીઓની ઓફિસો ખાતે મોટા ભાગે સોલાર પેનલ નાખવામાં આવેલ છે જેથી એ.સી. સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો કંપની પર વધારાનું બર્ડન પડશે નહી અને આર્થિક નુકશાન પણ નહી આવે. હાલમાં ફિલ્ડમાં ફરજ બજાવતા ટેકનિકલ સ્ટાફ સબબ ફોલ્ટ સેન્ટરમાં એ.સી.નાખવાથી સ્ટાફને રીશેષના સમય દરમ્યાન રાહત મળી રહે અને આરામ કરી શકે જેનાથી કંપનીની કામગીરી અને ફરજ સારી રીતે બજવાઈ શકશે તેમજ હાલમાં તમામ સ/ડી./ડિવિઝન/સર્કલ/ઝોનલ/કોર્પોરેટ ઓફિસ ખાતે એ.સી. વ્યવસ્થા પૂરી કરવાથી કર્મચારીઓ/અધિકારીઓની કાર્યક્ષમતામાં વધારો થશે અને કંપનીના પર્ફોર્મન્સમાં સુધારો કરી શકાય.

વધુમાં, આપ સાહેબશ્રીનું ધ્યાન દોરવાનું કે આગામી સમયમાં પડનાર અસહ્ય ગરમીના લીધે ટેકનિકલ/નોન-ટેકનિકલ કર્મચારી હિટ સ્ટ્રોક નો ભોગ બનશે તો આર્થિક બર્ડન વધશે તેમજ કર્મચારીનો પરિવાર નિરાધાર બનશે આમ, સદર તમામ બાબતને ધ્યાને રાખી મનાવતા અપનાવી ત્વરિત ફિલ્ડની ઓફિસોમાં એર કન્ડીશનર/એર કુલિંગ મશીનની વ્યવસ્થા નાખવા ફિલ્ડની કચેરીઓને સુચના આપવા વિનંતી સહ અરજી છે.

ઉપરોક્ત રજૂઆત બાબતે યોગ્ય પગલાં લેવા જરૂરી સૂચના આપી અત્રેની કચેરીને જાણ કરવા સારૂ.

આભાર સહ,

આપના સ્નેહાધીન,

**(બળદેવ.એસ.પટેલ)**
**સીનીયર સેક્રેટરી જનરલ**
**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ઊંઝા**

**(એચ.જી.વઘાસીયા)**
**સેક્રેટરી જનરલ**
**જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન, જુનાગઢ**

**નકલ સવિનય રવાના:**

પ્રતિ, માન.ઊર્જામંત્રી સાહેબશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
પ્રતિ, પ્રિન્સિપાલ સેક્રેટરીશ્રી, ઇપીડી, બ્લોક-૫, પમો માળ, સચિવાલય, ગાંધીનગર.
પ્રતિ, ડાયરેક્ટરશ્રી (એડમીન.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
પ્રતિ, ડાયરેક્ટરશ્રી (ફાયનાન્સ), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
પ્રતિ, મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ....................કંપની, રાજકોટ/વડોદરા/મહેસાણા/સુરત.
પ્રતિ, ટેકનિકલ હેડ, ....................કંપની, રાજકોટ/વડોદરા/મહેસાણા/સુરત.
પ્રતિ, એચ.આર.હેડ, ....................કંપની, રાજકોટ/વડોદરા/મહેસાણા/સુરત.
પ્રતિ, ફાયનાન્સ હેડ, ....................કંપની, રાજકોટ/વડોદરા/મહેસાણા/સુરત.

**નકલ રવાના:-**

પ્રતિ, અધ્યક્ષશ્રી, ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ, અમદાવાદ.
પ્રતિ, પ્રમુખશ્રી, અગુવિકાસંઘ અને જીબીઆ, અમદાવાદ.
પ્રતિ, કાર્યકારી અધ્યક્ષશ્રી, ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ, અમદાવાદ.
પ્રતિ, સીનીયર કાર્યકારી પ્રમુખશ્રી અને કાર્યકારી પ્રમુખશ્રી, અગુવિકાસંઘ, અંજાર/સાવલી/ઉધના.
પ્રતિ, સુપર પાવર વર્કિંગ કમિટી-અગુવિકાસંઘ & કોર કમિટી-જીબીઆના હોદ્દેદારો.